તા/૩૦/૮/૨૦૨૫

ગુજરાત સમાચાર (ભાવનગર આવૃત્તિ)

## વિવિધ મેડિકલ સેવામાં ડિસ્કાઉન્ટ અપાશે

# નાગરિક બેન્કના સભાસદો અને તેના પરિવારજનો માટે આરોગ્યલક્ષી સેવા અમલી

ભાવનગર, શનિવાર

ભાવનગર નાગરિક સહકારી બેન્કની કુલ ૯ બ્રાંચમાં ૨૬૦૦૦ સભાસદો અને તેના પરિવારજનોને આરોગ્યલક્ષી સુવિધા આપવા વિવિધ હોસ્પિટલો, મેડીકલ સ્ટોર, લેબોરેટ્રી જેવા ૨૦ એકમોમાં મેડીકલ સેવામાં અલગ અલગ ડિસ્કાઉન્ટનો લાભ અમલી કરાયો છે. તો સંસ્થા કે ટ્રસ્ટના ૭ હોસ્પિટલોમાં રૂા.૩૦૦ની સહાય સભાસદોને અપાશે.

## શહેરની ૨૦ હોસ્પિટલ તેમજ ૭ આરોગ્ય સંસ્થા સાથે બેન્કનું ટાયપ

મળતી વિગતો મુજબ ભાવનગર શહેરની એક મુખ્ય શાખા ઉપરાંત અન્ય ૮ બ્રાંચ નાગરિક સહકારી બેન્કની વિસ્તરેલી છે. જેમાં ૨૬ હજાર સભાસદો શેર હોલ્ડર કાર્ડ ધારકોને તથા તેના પરિવાર (પતિ-પત્ની, બાળકો, માતા-પિતા) માટે શહેરની નામાંકિત હોસ્પિટલો, લેબોરેટ્રી, એક્સ-રે, મેડીસીન વગેરે મળી કુલ ૨૦ એકમો સાથે બેંક દ્વારા એક વર્ષ માટે ટાયપ કરવામાં આવ્યું છે. જેમાંથી વિવિધ સુવિધામાં એક્સ્ટ્રા ડિસ્કાઉન્ટનો લાભ આપવામાં આવશે. આ ઉપરાંત શહેરની ટ્રસ્ટ સંચાલિત સાત આરોગ્ય સંસ્થામાં માત્ર સભાસદો માટે દર બે માસે મહત્તમ રૂા.૩૦૦ની મર્યાદામાં આર્થિક સહાય અપાશે. જે માટે બેંક દ્વારા ચીઠ્ઠી કાઢી આપવામાં આવશે.

ગુજરાત સમાચાર
સોમવાર તા. ૦૧ સપ્ટેમ્બર ૨૦૨૫

## ભાવનગર નાગરિક સહકારી બેન્કની ૭૧ મી સાધારણસભા મળી

ભાવનગર, રવિવાર

ભાવનગર નાગરિક સહકારી બેન્કની ૭૧ મી વાર્ષિક સાધારણસભા રવિવારે યોજાઈ હતી. જેમાં બહોળી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. વંદે માતરમ ગાન બાદ પહેલગામના હુમલાના મૃતકો તથા વર્ષ દરમિયાન અવસાન પામેલા સભાસદોને બે મીનીટ મૌન પાળીને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ હતી. બેન્કના ચેરમેન પ્રભાતસિંહ ગોહિલે બેન્કના નવા પદાધિકારીઓએ છેલ્લા બે વર્ષ દરમિયાન બેન્ક દ્વારા ડિપોઝીટ, ધિરાણ, લોન અને એન.પી.એ.સહિતમાં વિકાસકૂચની વિસ્તૃત માહિતી આપી હતી. આ વેળા બેન્કના પદાધિકારીઓ, બોર્ડ ઓફ ડિરેકટર્સ ઉપસ્થિત રહ્યા હતા.